આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૫ | ૧૪ ઓગષ્ટ, ૨૦૧૩, બુધવાર; શ્રાવણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ત્યાગમાં ભક્તિ ઉમેરાય ત્યારે આનંદ પ્રગટે છે, પથ્થરમાં ભક્તિ ઉમેરાય ત્યારે શાલિગ્રામ બને છે
- ગુણવંત શાહ

# શહેર-જિલ્લામાં ચિકનગુનિયાનો હાહાકાર

## સાંધાના દુઃખાવા સાથે તાવની ફરિયાદો વ્યાપક બની છે : તંત્ર દ્વારા એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ચિકનગુનિયાના વાઈરલે દેખા દીધી છે અને સાંધાના દુઃખાવા સાથે તાવની ફરિયાદો કરતા કેસો હોસ્પિટલોમાં દેખાવા લાગ્યા છે.

ગાંધીનગર તાલુકામાં પહેલાં ચિકનગુનિયાના બે કેસ કાનપુર ગામે મળ્યા હતા. જો કે આ પછી સતત વરસાદી વાતાવરણ અને હમણાં પણ ભેજનું પ્રમાણ વાતાવરણમાં વધારે હોવાથી મચ્છરોની ઉત્પત્તિ માટેના સાનુકૂળ વાતાવરણો આરોગ્ય તંત્રને દોડતુ કરી દીધુ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ સપ્તાહના આરંભથી જ ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતાં તંત્રએ તેની કામગીરીને સઘન બનાવી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે ચિકનગુનિયાના જે કેસો નોંધાયા છે તેના કરતાં સાંધાના દુઃખાવાની

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાનો માનવ વિકાસ સૂચકાંક અહેવાલ ત્રણ માસમાં જ તૈયાર કરાશે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૩

આગામી ત્રણ માસમાં જ ગાંધીનગર જિલ્લાનો માનવ વિકાસ સૂચકાંક અહેવાલ તૈયાર કરવામાં આવશે. આ અહેવાલ તૈયાર કરવા માટે આજે કોર કમિટીની ખાસ બેઠક જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષપદે મળી હતી.

રાજ્યના તમામ જિલ્લાઓના માનવ વિકાસ સૂચકાંક પાંચ વર્ષમાં તૈયાર કરવાના અભિયાનના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાનો ત્રીજા તબક્કામાં સમાવેશ કરવામાં આવ્યો છે. મધ્ય ગુજરાતની જાણીતી સંસ્થા ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટીટ્યુટ દ્વારા આ અહેવાલ તૈયાર કરવામાં આવનાર છે.

માનવ વિકાસ સૂચકાંકમાં જિલ્લાકક્ષાએ પ્રથમવાર અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેમાં માથાદીઠ આવક સહિત આરોગ્ય, શિક્ષણ, કૃષિ સહિતના પાસાંઓને આવરી લેવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લાના માનવ વિકાસ સૂચકાંકમાં રોજગારી નિર્માણની તકો, રોજગાર કેન્દ્રો આરોગ્યની સુવિધાઓ, કૃષિ ઉત્પાદનના પરિણામો પણ છેલ્લા દસ વર્ષના સમાવવામાં આવનાર છે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે, રાજ્યનો માનવ વિકાસ સૂચકાંક ઉંચો લાવવા સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૨-૧૩ દરમ્યાન ત્રીજા તબક્કામાં રાજ્યના કચ્છ, નર્મદા, દાહોદ અને ગાંધીનગરની પસંદગી કરવામાં આવી છે.

કલેક્ટરશ્રીએ માનવ વિકાસ સૂચકાંકની વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે વિકાસની પરિભાષામાં

● અનુસંધાન પાન-૭ પર






પંખીઓનો મેળો - વાવોલના પાદરમાં સ્મશાનની બાજુના વૃક્ષો પર હજ્જારોની સંખ્યામાં પક્ષીઓ વર્ષાઋતુને માણવા નિયમિત એકત્ર થાય છે. અહીં હંગામી ધોરણે માળા પણ બાંધે છે અને ઈંડા પણ મુકે છે.... એટલે કે સંસારનો આરંભ કરે છે... પરંતુ શિયાળાના આરંભે જ પંખીઓ ઉડી જાય છે... એક સાથે આટલી મોટી સંખ્યામાં પંખીઓને જોવા એ અનેરો લ્હાવો છે... ગાંધીનગર અને ગાંધીનગરની આસપાસ પ્રાકૃતિક વૈભવની આ તો મજા છે... જો માણવાની દૃષ્ટિ હોય તો... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં પ્લોટ્સની હરાજી માટે કવાયત મિશન મોડ પર

## કોર્પોરેટ હોસ્પિટલ અને ડૉક્ટર હાઉસ બનાવવા માટે પણ ખાસ પ્લોટ નિયત કરાયા : કોમર્શીયલ પ્લોટો અને રેસીડેન્સીયલ પ્લોટોની પણ હરાજી થશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં દસ વર્ષબાદ પ્લોટોની હરાજી માટેનો તખ્તો તૈયાર કરવાની કવાયતમાં તંત્રએ હવે મિશન મોડ પર કામગીરી હાથ ધરી છે.

દસ વર્ષ બાદ ગાંધીનગરમાં હરાજી યોજાઈ રહી છે ત્યારે આ હરાજી ઈ. ટેન્ડરીંગથી યોજવાનો મહત્વનો નિર્ણય તંત્ર દ્વારા લેવાઈ ચુક્યો છે. શહેરના ૯૮ જેટલા પ્લોટની હરાજી યોજવાની છે.

મળતી વિગતો મુજબ કોમર્શિયલ પ્લોટ ઉપરાંત રેસીડેન્સીયલ પ્લોટ્સની હરાજી યોજવામાં આવનાર છે. ખાસ કરીને નવા સેક્ટરોમાં કોમર્શિયલ પ્લોટ્સની હરાજી વધુ કરવામાં આવનાર છે.

તંત્ર દ્વારા જે પ્લોટ હરાજીમાં મુકવામાં આવનાર છે તેમાં ૬૨ ચો.મી. થી લઈ ૫ હજાર ચો.મીટર સુધીના કોમર્શિયલ પ્લોટ હોવાનું જાણવા મળેલ છે. ખાસ કરીને નવા સેક્ટરોમાં એક કોર્પોરેટ હોસ્પિટલ માટે પાંચ હજાર ચો.મી.નો પ્લોટ નિયત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત ખાસ કરીને શહેરમાં આરોગ્ય સેવાઓ સઘન બને તે માટે ડૉક્ટર્સ હાઉસ માટે પણ ખાસ પ્લોટ અલગ તારવવામાં આવ્યા છે અને તેની હરાજી પણ યોજવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે ૩૦ જેટલા રેસીડેન્સીયલ પ્લોટ્સની પણ હરાજી કરવામાં આવનાર છે. જેમાં ખાસ કરીને જુના સેક્ટરોના રોડટચ પ્લોટ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત નવા સેક્ટરોના પ્લોટ પણ થોડા ઘણા હરાજીમાં મુકવામાં આવનાર છે.

ઈ. ટેન્ડરીંગથી યોજવામાં આવનાર હરાજીને લઈ હરાજી માટેની શરતોમાં કેટલાક મહત્વના ફેરફારો કરવામાં આવનાર હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જો કે આ કામગીરી સંપન્ન કરવામાં હજુ એકાદ-બે સપ્તાહનો સમય લાગશે તેમ મનાઈ રહ્યું છે.










